[6/A-12] Seat No. ________ No. of printed page: 02

# SARDAR PATEL UNIVERSITY
## B. Com. (II Semester) Examination
## Tuesday, 28th March 2017
## 10.00 am - 12.00 pm
## UB02CCOM02 : Accountancy-II

કુલ ગુણ : ૬૦

નોંધ : (૧) જમણી તરફના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જરૂરી તમામ ગણતરીઓ દર્શાવવી.

પ્ર.૧

(અ) પાકું સરવૈયું એટલે શું? પાકું સરવૈયું તૈયાર કરવાના હેતુઓ જણાવો. (૦૮)

(બ) પાકા સરવૈયાની મર્યાદાઓ સમજાવો. (૦૭)

અથવા

પ્ર.૧

(અ) નીચેની માહિતી પરથી- (૧૦)

(૧) માલિકીનાં ભંડોળો (૨) રોકાયેલી મૂડી અને (૩) ચોખ્ખી કાર્યશીલ મૂડીની ગણતરી કરો

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| મૂડી | ૪૦૦૦૦ | રાષ્ટ્રીય બચતપત્રો | ૨૦૦૦ |
| ઉપાડ | ૧૦૦૦૦ | અગાઉથી ચૂકવેલ પગાર | ૧૦૦૦ |
| નાણાંકીય સંસ્થાની લોન | ૩૦૦૦૦ | કારીગર નફાભાગ ભંડોળ | ૪૦૦૦ |
| લેણદાર | ૨૫૦૦૦ | ટેલિફોન ડિપોઝિટ | ૧૦૦૦ |
| છૂટાં ઓજારો | ૩૦૦૦ | નફા-નુકશાન ખાતુ (ઉ) | ૫૦૦૦ |
| અનામત ભંડોળ | ૬૦૦૦ | પાઘડી | ૫૦૦૦ |
| કામદાર અકસ્માત વળતર ફંડ | ૨૦૦૦ | જમીન અને મકાન | ૪૦૦૦૦ |
| રોકડ | ૬૦૦૦ | દેવી હૂંડી | ૫૦૦૦ |
| દેવાદારો | ૧૪૦૦૦ | સ્ટોક | ૧૧૦૦૦ |
| ફર્નિચર | ૪૦૦૦ | મિત્રની લોન (પાંચ વર્ષ પછી પરત કરવાની) | ૧૦૦૦૦ |

(બ) પાકા સરવૈયાનાં કાર્યોનું ટૂંકમાં વર્ણન કરો. (૦૫)

પ્ર.૨ આશા લિમિટેડે ૨૦૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦નો એવા શેર દીઠ રૂ. ૧ના પ્રીમિયમે બહાર પાડ્યા. રકમ નીચે પ્રમાણે ચૂકવવાની હતી: (૧૫)

| | |
|---|---|
| અરજી સાથે | રૂ. ૨ |
| મંજૂરી સાથે | રૂ. ૪ (પ્રીમિયમ સહિત) |
| પ્રથમ હપતા સાથે | રૂ. ૩ |
| છેલ્લા હપતા સાથે | રૂ. ૨ |

૩૦૦૦૦ શેર માટે અરજીઓ મળી અને નીચે મુજબ શેરની વહેંચણી કરવામાં આવી.

૧. ૧૮૦૦૦ શેરના અરજદારોને - પૂરા
૨. ૮૦૦૦ શેરના અરજદારોને - ૨૦૦૦ શેર
૩. ૪૦૦૦ શેરના અરજદારોને - શૂન્ય

અરજી સાથે વધારે ભરાયેલાં નાણાં મંજૂરી વખતે લેણી થતી રકમ પેટે અને અગાઉથી મળેલા હપતા પેટે વાપરવામાં આવ્યા.

બધા જ શેર પર મંગાવેલ બધી રકમો પૈકી શ્રીમતી નેહા એ ધારણ કરેલા ૨૦૦૦ શેર પર છેલ્લા હપતાના નાણાં શિવાય પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

આશા લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો.

અથવા

પ્ર.૨ પ્રસાદ લિમિટેડે રૂ. ૧૦નો એક એવા ૨૦૦૦ ઈક્વિટી શેર, ૨૦%ના પ્રીમિયમે બહાર પાડ્યા, જેના પર રકમ નીચે મુજબ ભરવાની હતી : (૧૫)

| | |
|---|---|
| અરજી સાથે | રૂ. ૨ |
| મંજૂરી સાથે | રૂ. ૫ (પ્રીમિયમ સહિત) |
| પ્રથમ હપતા સાથે | રૂ. ૩ |
| છેલ્લા હપતા સાથે | રૂ. ૨ |